**<u>કેન્દ્રનું નામ</u>**

શ્રી ડી. એમ. પટેલ આર્ટ્સ એન્ડ એસ. એસ. પટેલ કોમર્સ કૉલેજ, ઓડ

પરીક્ષાઃ જુનિયર ક્લાર્ક વર્ગ-૩ (ભાગ-૨) બિન અનામત (OPEN)

પરીક્ષા તા. ૨૯/૦૪/૨૦૨૬, બુધવાર સમયઃ- સવારે ૧૦ થી ૧૨

**<u>સૂચના</u>**

તારીખ : ૨૯-૦૪-૨૦૨૬ ના રોજ શ્રી ડી. એમ. પટેલ આર્ટ્સ એન્ડ એસ. એસ. પટેલ કોમર્સ કૉલેજ, ઓડ જિલ્લો આણંદ ખાતે લેવાયેલ જુનિયર ક્લાર્ક, બિનઅનામત (OPEN) વર્ગ-૩ ની ભાગ-૨ ની મુખ્ય લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી મૂકેલ છે. પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારો તરફથી સૂચન /રજૂઆત હોય તો તારીખ : ૦૨/૦૫/૨૦૨૬ બપોરે ૨-૦૦ વાગ્યા સુધી જ અહીં આપેલા નમૂનાની પ્રિન્ટ કાઢી તેમાં બરાબર યોગ્ય રીતે તમામ વિગત ભરી તેની PDF ફાઇલ કૉલેજના ઈ-મેઈલ [ode_college@yahoo.co.in] ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે. રૂબરુ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

- ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા - સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.
- ઉમેદવારે પ્રશ્ન પ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિદ્ધ થયેલ નિયત વાંધા સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.
- માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દેશિત પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં
- ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ અલગ હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.
- એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું એક જ વાંધા -સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.
- માત્ર પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા-સૂચન રજૂ કરી શકશે.
- વાંધા-સૂચન ૦૨/૦૫/૨૦૨૬ બપોરે ૨-૦૦ વાગ્યા સુધી જ સ્વીકાર્ય ગણાશે, ત્યારબાદ કોઈપણ જાતની રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહીં